
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

મહા ફાગણ



અંક ૪ ૫ પુસ્તક ૯૪

સંવત ૨૦૩૪ તા. ૭ મી એપ્રીલ ૧૯૭૮

: પ્રગટ :

: શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

શ્રી જૈન ધર્મ પ્રકાશ : વર્ષ ૯૭ મું : વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬-૫૦

## —: अनुक्रमणिक :—


| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
| --- | --- | --- | --- |
| ૧ | મંગલપાઠ | મુની ચરણવિજય | ૩ |
| ૨ | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા ચરિત્રમાંથી | ૪ |
| ૩ | શંખેશ્વરા પાર્શ્વનાથ | શરણાર્થી | ૬ |
| ૪ | ભ. મ. સ્વામીનું જન્મ કલ્યાણ | પં. પુર્ણાનંદવિજય | ૭ |
| ૫ | કર્પુર સૌરભ | અમરચંદ માવજી શાહ | ૮ |
| ૬ | શ્રમણ ભગવાન મહાવીર | વિજયધર્મસૂરીશ્વરજી | ૧૦ |
| ૭ | વિક્રમચરિત્ર અને ભર્તુંહરિ | પ્રો. હીરાલાલ ર. કાપડીયા | ૧૧ |
| ૪ | દેવ અરિહંત | મણીલાલ મો. ધામી | ૧૨ |
| ૮ | આત્મા અને કર્મ | રતીલાલ માણેકચંદ શાહ | ૧૪ |
| ૯ | શુદ્ધ આત્મ સ્વરૂપ | અમરચંદ માવજી શાહ | ૧૬ |



ચોરાણુ વર્ષથી નિયમિત પ્રગટ થતું જૈન સમાજનું જુનામાં જુનું
ધાર્મીક નૈતિક માસિક

### "જૈન ધર્મ પ્રકાશ"

જેમાં તત્ત્વજ્ઞાન, ધર્મકથા, ભક્તિપ્રધાન રસ સામગ્રી રજુ કરવામાં આવે છે
આપ તેમાં આપના ધંધાના વધુ વિકાસ અર્થે જાહેર ખબર આપો—

**અમારા જાહેર ખબરના દર નીચે મુજબ છે :**

| | | |
| --- | --- | --- |
| ટાઈટલ પેજ (છેલ્લુ) ચોથુ આખુ પાનુ એક વખતના | રૂા. | ૧૦૦-૦૦ |
| ટાઇટલ પેજ નં ૨ અથવા નં. ૩ આખુ પાનુ | રૂા. | ૭૫-૦૦ |
| અંદરનું આખુ પાનું | રૂા. | ૫૦-૦૦ |
| અંદરનું અર્ધું પાનુ | રૂા. | ૩૦-૦૦ |
| અંદરનું પા પાનું | રૂા. | ૨૦-૦૦ |


તા ક. અમારો આગામી અંક તા. ૭-૫-૭૮ નાં રોજ પ્રસીદ્ધ થશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૯૪મું
અંક ૪-૫

પોષ

વીર સં. ૨૫૦૧
વિક્રમ સં. ૨૦૩૪

## મંગલપાઠ

( સુરવરી તજે તેરે પૂજન કો ભગવાન )

— બાળકો —

મેરે જીવનકા ઉત્થાન, કરો પ્રભુપાર્શ્વનાથ ભગવાન
તુમને જલતા નાગ બચાયા, એવકુ મુખનવકાર સુનાયા
બનાયા સર્પોકા સુલતાન, કરો પ્રભુપારશ્વનાથ ....૧
સુરને ઈતના જલ બરસાયા, પ્રભુ કીનાશા તક બહુઆયા
તો ભિડિના સકા નહિ ધ્યાન, કરો પ્રભુપારશ્વનાથ ....૨
ફીર ભી કૈસે હો તુમ દાની, ઇતની કરને પર ભી હાની
દિયા સુરકો સમકીત દાન, કરો પ્રભુ પારશ્વનાથ ....૩
મૈં હું યાચક તેરે દરકા ભૂલા ભટકા રાહ સફરકા
મિત્રકો દે દો ગુણકી ખાન, કરો પ્રભુપારશ્વનાથ ....૪

—મુની ચરણવીજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) **શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાં**

એ સમયમાં સમયમાં લોકો પાસેથી જાનકીના રૂપનું વર્ણન સાંભળી તેને જોવા માટે નારદ ત્યાં આવ્યા અને તેણે કન્યાગૃહમાં પ્રવેશ કર્યો. પીળાં નેત્રવાળાં, પીળા કેશને ધરનારા, મોટા ઉદરવાળા, હાથમાં છત્રી અને દંડને રાખનારા, કૌપીન* માત્રને પહેરનારા, કૃશ શરીરવાળા અને જેના માથા પર વાળ ઊડી રહ્યા છે એવા ભયંકર નારદને જોઈ સીતા ભય પામી ગઈ; તેથી કંપતી 'હે મા!' એમ બોલતી ગર્ભાગારમાં×પેસી ગઈ તે સાંભળીને તત્કાળ દોડી આવેલ દાસીઓએ અને દ્વારપાળોએ કોળાહળ કરીને કંઠ, શિખા અને બાહુવડે નારદને પકડી લીધા. તેમના કલકલ શબ્દથી યમદૂતની જેવા શસ્ત્રધારી રાજપુરુષો 'એને મારો, મારો'એમ બોલતાં દોડી આવ્યા. નારદ તે સર્વથી ક્ષોભ પામી તેમની પાસેથી માંડ માંડ છૂટી ઊડીને વૈતાઢ્યગિરિ ઉપર આવ્યા. પછી તેમણે વિચાર્યું કે-'વ્યાઘ્રીઓ પાસેથી ગાયની જેમ હું તે દાસીઓ પાસેથી માંડમાંડ જીવતો છૂટીને ભાગ્યબળથી જ્યાં ઘણા વિદ્યાધરોના રાજાઓ રહે છે એવા આ વૈતઢ્યગિરિ ઉપર આવી પહોંચ્યો છું. આ ગિરિની દક્ષિણશ્રેણીમાં ઇંદ્રના જેવા પરાક્રમી ભામંડલ નામે ચંદ્રગતિનો યુવાન પુત્ર છે; તો એક પટ ઉપર સીતાને આળેખી તેને બતાવું, જેથી તે બળાત્કારે તેનું હરણ કરશે એટલે મારી ઉપર જે કર્યું તેનો સીતાને બદલો મળશે.' આવો વિચાર કરીને નારદે ત્રણ જગતમાં નહિ જોવામાં આવેલું એવુ સીતાનું સ્વરૂપ પટ ઉપર આલેખીને ભામંડલને બતાવ્યું. તે જોતાં જ ભૂતની જેમ કામદેવે ભામંડલના શરીરમાં પ્રવેશ કર્યો, તેથી વિંધ્યાચલમાથી ખેંચી લાવેલા હાથીની જેમ તેને નિદ્રા આવી નહિ તેણે મધુર ભોજન ખાવું બંધ કર્યું, પીવા યોગ્ય પીવું બંધ કર્યું અને ધ્યાનસ્થ યોગીની જેમ મૌન ધરીને રહેવા લાગ્યો. ભામંડલને આવો વિધુર જોઈ રાજા ચંદ્રગતિએ પૂછ્યું કે-'હે વત્સ! તેને શું માનસિક પીડા પીડે છે કે શરીરમાં કોઈ વ્યાધિ થયો છે? અથવા શું કોઈએ તારી આજ્ઞાનો ભંગ કર્યો છે? અથવા બીજું કાંઈ દુઃખનું કારણ છે? જે હોય તે કહે' પિતાનો આવો પ્રશ્ન સાંભળી ભામંડલકુમાર લજ્જાથી બંને પ્રકારે* નમ્ર મુખ ધરી રહ્યો, કેમકે 'કુલીન પુત્રો ગુરુજનને તેવું કહેવાને કેમ સમર્થ થાય?' પછી ભામંડલના મિત્રોએ 'નારદે આળેલી ચિત્રલિખિત સ્ત્રીની કામના (ઇચ્છા) ભામંડલના દુખનું કારણ છે' એમ કહ્યું એટલે રાજાએ નારદને રાજગૃહમાં એકાંતે બોલાવીને પુછ્યું કે—'તમે જે ચિત્રલિખિત સ્ત્રી બતાવી તે કોણ છે? અને કોની પુત્રી છે?' નારદે કહ્યું કે—"જે મેં ચિત્રમાં આલેખીને બતાવી છે તે કન્યા જનક રાજાની પુત્રી છે અને તેનું નામ સીતા છે. જેવી તે રૂપમાં છે તેવી ચિત્રમાં આલેખવાને હું કે બીજો કોઇ પણ મનુષ્ય સમર્થ નથી. કેમકે મૂર્તિવડે તે લોકોત્તર સ્ત્રી છે. તે સીતાનું જેવું રૂપ દેવીઓમાં, નાગકુમારીઓ કે ગંધર્વોની સ્ત્રીઓમાં પણ નથી, તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવી સ્રીની તો વાત જ શી કરવી! તેના રૂપની જેવા યથાર્થ રૂપને વિકુર્વવાને દેવતાઓ, અનુસરવાને દેવનટો અને રચવાને પ્રજાપતિ પણ સમર્થ નથી. તેની આકૃતિમાં તથા વચનમાં જે માધુર્ય છે અને તેના કંઠમાં અને હાથપગમાં જે રક્તતા છે તે અનિર્વચનીય છે. જેવી રીતે તેના યથાર્થ રૂપને આલેખવાને હું સમર્થ નથી તેવી રીતે તેના રૂપનું વર્ણન કરવાને પણ હું સમર્થ નથી; તથાપિ હું તમને પરમાર્થપણે કહું છું કે 'એ સ્ત્રી ભામંડલને યોગ્ય છે' એવું મનમાં વિચારીને યથાબુદ્ધિ તેને પટમાં આલેખીને મેં તેમને બતાવેલ છે."

આ પ્રમાણેની તેની હકીકત સાંભળીને રાજા ચંદ્રગતિએ 'હે વત્સ! એ તારી પત્ની થશે' એમ ભામંડલને આશ્વાસન આપી નારદને વિદાય કર્યા. પછી રાજાએ ચપલગતિ નામના એક વિદ્યાધરને આજ્ઞા કરી કે-'જનક રાજાનું અપહરણ કરીને સત્વર અહીં લઈ આવ.' તત્કાળ તેણે રાત્રિએ ત્યાં જઈ જનક રાજાને ગુપ્ત રીતે હરી લાવીને ચંદ્રગતિને અર્પણ કર્યો. રથનુપુરના રાજા ચંદ્રગતિએ બંધુની જેમ જનક રાજાને આલિંગન કરી, પાસે બેસારીને સ્નેહથી આ પ્રમાણે પુછ્યું કે-'લોકોત્તર ગુણવાળી સીતા નામે તમારી પુત્રી છે અને રૂપસંપત્તિથી પરિપુર્ણ ભામંડલ નામે મારો પુત્ર છે. તે બન્નેનો વધૂવરપણે ઉચિત સયોગ થાઓ, અને આપણા બન્નેને તે સંબંધવડે સૌહૃદ થાઓ.' તેની આવી માગણી સાંભળીને જનકરાજા બોલ્યો કે—'એ પુત્રી મેં દશરથના પુત્ર રામને આપી દીધેલી છે, તેથી બીજાને શી રીતે અપાય? કેમકે કન્યા એક જ વાર અપાય છે.' ચંદ્રગતિ બોલ્યો—',હે જનક, જો કે હું તે સીતાને હરવાને સમર્થ છું પણ સ્નેહવૃદ્ધિ કરવાને માટે જ તમને અહીં બોલાવીને મેં તમારી પાસે તેની યાચના કરી છે. જો કે તમે તમારી પુત્રી રામને માટે કલ્પી છે, તથાપિ તે રામ જો અમારો પરાજય કરશે તો તે તેને પરણી શકશે, માટે દુઃસહ તેજવાળા વજ્રાવર્ત અને અર્ણવાવર્ત નામે બે ધનુષ્ય કે જે સહસ્ત્ર યક્ષોથી અધિષ્ઠિત છે અને દેવતાઓની આજ્ઞાથી ગોત્રદેવતાની જેમ સદા અમારા ઘરમાં પુજાય છે તે ભાવી એવા બળદેવ અને વાસુદેવને ઉપયોગી થવાના છે તે તમે લઇ જાઓ. જો તે બે ધનુષ્યમાંથી એકને પણ તે રામ ચઢાવશે તો તેનાથી અમે પરાજિત થઇ ગયા તેમ સમજવું. પછી તે તમારી પુત્રી સીતાને સુખે પરણે" આવી પ્રતિજ્ઞા બળાત્કારે જનક રાજા પાસે કબૂલ કરાવી તેણે જનકને મિથિલામાં પહોંચાડયો અને પોતે પણ પુત્રપરિવાર સહિત ત્યાં જઈ, બંને ધનુષ્ય જનકના દરબારમાં મૂકી નગરીની બહાર ઉતર્યો. જનકે રાત્રિમાં બનેલું વૃત્તાંત પોતાની મહારાણી વિદેહાને કહ્યું, જે તત્કાળ તેના હૃદયમાં શલ્યરૂપ થઇ ગયું. વિદેહા રુદન કરતી બોલવા લાગી કે-"હે દૈવ! તું અત્યંત નિર્દય છે. તેં મારા એક પુત્રને હરી લેવા ધારે છે! આ લોકમાં

ક્રમશઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંખેશ્વરા પાર્શ્વનાથ

લેખક : શરણાર્થી

ત્યાં તો સમુદ્ર વિજયનો કુમાર જયસેન ક્રોધ કરીને તેની સામે આવ્યો ત્યાં તો "અરે ભાણેજ ! તું યુદ્ધ કરવા કેમ આવ્યો ?" એમ બોલતાની સાથે હૌધરિએ તેના સારથીને મારી નાંખ્યો. તેથી ક્રોધ પામેલા જયસેને હિરણ્યનાભના બખ્તર ધનુષ્ય અને ધ્વજા છેદી નાંખ્યા. તેના સારથીને પણ યમરાજનો અતિથી કર્યો. તત્કાળ ક્રોધ પામેલા હૌધિરિ હિરણ્યનાભે દશ તીક્ષ્મ બાણોથી જયસેનને મારી નાંખ્યો. તે જોઇને શીવાદેવીનાં બીજો કયાર હિણ્યનાભની સામે રથમાંથી નીચે ઊતરીને ઢાલ તરવાર ખેંચી દોડી ગયો. તેને આવતા જોઇ હિરણ્યનાભે દુરથીજ ક્ષુરપ્રબાણવડે તેનું મસ્તક છેદી નાંખ્યું. એટલે ક્રોધ પામેલો અનાધૃષ્ટિ હિરણ્યનાભ સામે દોડી આવ્યો. અહીં અનાધૃષ્ટિએ હિણ્યનાભનું ધનુષ્ય છેદી નાખ્યું એટલે રૌધીરિએ મોટી ભૂગોળનો ઘા અનાધષ્ટિ ઉપર કર્યો. ધગધગતી અગ્નીજવાળાઓ વરસાવથી તે ભાગીને અનાધષ્ટિએ વચમા જ બાણ છેદી નાખી એટલે હિરણ્યનાભ રથમાંથી નીચે કુદી પડીને હાથમાં ઢાલ તલવાર લઈને અનાધષ્ટિ સામે દોડયો.

તેને મહા સમર્થ જાણીને તે સમયે કૃષ્ણના વડીલબંધુ બળભદ્ર ઢાલ તલવાર લઈને રથમાંથી નીચે કુદી હિરણ્યનાભની વચ્ચે આવ્યા. રામે વિચિત્ર પ્રકારની ગતિથી હિરણ્યનાભણુ ઘણીવાર સુધી ફેરવ્યો ચાલાકીવાળા અનાધષ્ટિએ છળ મેળવીને બ્રહ્મસુત્ર વડે કાષ્ટની જેમ ખડગ વડે કુદીને હિરણ્યનાભને મારી નાખ્યો.

હિરણ્યનાભ મરાયો એટલે તેના યોદ્ધાઓ જરાસંઘને શરણે ગયા. અને યાદવો તથા પાંડવોએ પૂજેલ અનાધષ્ટિ કૃષ્ણની પાસે આવ્યો. સૂર્ય અસ્તથવાથી સર્વ વીરો પોતપોતાની છાવણીમાં પાછા ફર્યા. અહીં જરાસંઘ તરત જ સેનાધિપતિના પડ ઉપર મહાબળવાન શિશુપાલનો પદ્દાભિષેક કર્યો.

## પ્રકરણ ૬ ઠું

## યુદ્ધનો ત્રીજો દિવસ

'જુઓ મહારાજ ! આ કાળા અશ્વવાળા રથવાળો અને ગજેન્દ્રનું ચિન્હ જેની ધ્વજાયા છે, એવો યે યાદવોના સૈન્યનો અધીનાયક મહાપરાક્રમી વસુદેવનો પુત્ર અનાધુમિ છે અને જુઓ પેલા યુધિષ્ટિર, ભીમ, અર્જુન, સમુદ્રવિજય, સત્યકિ, મહાનેમિ ઉગ્રરોના જશકુમાર, પદ્મનાધ રાજા, આદિ જુદા જુદા વર્ણવાળા અશ્વોની સવારી ઉપર ઘુમી રહ્યા છે." આ પ્રમાણે હંસકમંત્રી જરાસંઘને યાદવ વીરોની જુદા જુદા ચિન્હોએ કરીને ઓળખાણ કરાવી. ( ક્રમશઃ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભ. મ. સ્વામીનું જન્મ કલ્યાણ અને તેમના સિદ્ધાન્તો

લેખક : **પં. પૂર્ણાનન્દવિજય** (કુમારશ્રમણ)

આજથી ૨૫૭૩ વર્ષ પહેલા ભારતદેશની આન્તરિક અને બાહ્ય પરિસ્થિતિ અત્યન્ત વિષમ હતી "જ્યાં વ્યક્તિગત જીવન અનિશ્ચયાત્મક હતું, કૌટુમ્બિક જીવન વિવાદાગ્રસ્ત હતું, સામાજિક જીવનમાં સાહાર અને શરાબપાનમય હતું, ધાર્મિક જીવન હિંસક અને દુરાચાર મય હતું. સાંપ્રદાયિક જીવન વૈર-ઝેરથી ભરેલું હતું, શ્રીમંતો તથા સત્તાધારીઓનું જીવન સપ્તવ્યસન મય હતું. રૂપવતી જુવાન સ્ત્રીઓ અને કન્યાઓ ભરબઝારમાં મૂળા અને ગાજરની જેમ વેચાતી હતી.

તેવા સમયે બિહાર પ્રાન્તમાં ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાને ત્યાં ત્રિશલારાણીની કુક્ષિથી ભગવાન મહાવીર સ્વામીનો જન્મ થયો હતો. બાહ્ય જીવનના સર્વાંગી સુન્દર અને સાત્વિક શિરોમણી ભગવાન મહાવીર સ્વામીનું આન્તર જીવન દયાના સાગર સમું હતું, અહિંસાની સાક્ષાત્ મૂર્તિ તુલ્ય હતું. અમીરસના કટોરા જેવી આંખો હતી. શ્રી વત્સ ચિહ્નિત હૃદય જાણે સંસારભરના દલિતો-પતિતો અને દરિદ્રોને પોતામાં સમાવી લેવા સમર્થ હતું. પાપોથી ભરેલા માનવોની વાતો સાંભળવા માટે જ લાંબા કાન હતાં. સૌના અપરાધોને ક્ષમા આપવા માટે વિશાળ કપાળ હતું દીન દુઃખી અને અનાથોને દાલરોટી દેવા માટે લાંબા હાથ હતાં, અને મિથ્યાત્વી નાસ્તિક અને હઠાગ્રહીઓને સદુપદેશ આપી તેમનો ઉદ્ધાર કરવા અર્થેજ ભગવાનના ચરણ કમળો એક સ્થાનેથી બીજા સ્થાને વિહાર કરવા માટે સમર્થ હતાં.

આવા ભગવાન બાલ્યકાળના જેમ શૂરવીર, વીર, ગંભીર, પંડિત, વિવેકી, મિષ્ટ ભાષી અને દયાપૂર્ણ હતા તેના કરતાં પણ સંસારના પ્રત્યક્ષ દેખાતા માનવ માત્રના સુખો અને દુઃખો પ્રત્યે મનનશીલ હતા, સંસારના અસલી સ્વરૂપને જાણનારા હતાં, અને પોતાના જ પાપે દુઃખી દરિદ્ર બનેલા જીવમાત્રના ઉદ્ધાર કરવાની પ્રચંડ શક્તિવાલા હતા.

આ કારણે જ ભર જુવાની અવસ્થામાં સંસારના રાજવૈભવોને, સુખોને ત્યાગ કરીને સંયમ સ્વીકાર કરી શકયા હતા કેમકે 'સંસારના પ્રાણી માત્રને અનંત સુખો પ્રત્યે પ્રસ્થાન કરાવવા માટે પોતાના સર્વસ્વનો ત્યાગજ શ્રેષ્ઠ માર્ગ છે.

સંયમ ધર્મને સ્વીકાર્યા પછી સંખ્ય, અસંખ્ય ભવોની સંસાર માયાના સેવનથી ઉપાર્જિત કર્મોના આવરણને તપશ્ચર્યા રૂપી અગ્નિમાં બાલીને સમાપ્ત, કરે છે. ત્યાર પછી કેવળજ્ઞાનના માલિક બને છે.

ક્રમશઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્પુર સૌરભ

(હપ્તો ૩ જો ચાલુ) પ્રસરાવનાર – **અમરચંદ માવજી શાહ**

૨૮ અહિંસા સ્વપર દ્રવ્ય ભાવ પ્રાણુની કહો પણ ભરી રક્ષા, સંયમ, ઈન્દ્રિયદમન, કષાય ત્યાગ સદ્વ્રત પાલન અને આત્મ નિગ્રહ તથા બાહ્ય અભ્યંતર વિવિધ તપનું સેવન કરવું તે ધર્મનું લક્ષણ છે.

૨૯ અવિનાશી સુખ મેળવવા આપણે સહુએ દઢ પ્રયત્ન કરવો જોઇએ. નિર્મળ આત્મશ્રદ્ધા, જ્ઞાન અને સંયમવડેજ તે મેળવી શકાશે. અશ્રદ્ધા, અજ્ઞાન અસંયમને આદરવા વડેજ આપણે ખરા સુખથી બેનસીબ રહીએ છીએ.

૩૦ નિઃસ્વાર્થપણે દેશ, સમાજને શાસન સેવા કરનારા આપણામાં થોડા જ દેખાય છે. જે થોડા ઘણા એમ તેમને કડવી ટીકા કરી તોડી નહીં પાડયા તેમની નિઃસ્વાર્થ સેવાની કદર બુઝી, તેમને પ્રોત્સાહિત કરવા જોઇએ કે જેથી તેઓ દેશ, સમાજને શાસન સેવા અર્થે પોતાથી બનતું કાર્ય કરતા રહે

૩૧ આપણા સમાજની આર્થિક નૈતિક, સામાજિકને ધાર્મિક સ્થિતિ કઢંગી થતી જાય છે, તે વાત હવે દીવા જેવી લાગતી હોય તો જૈન સમાજનું હિત હૈડે ધરનાર સુગુણી સાધુજનોએ તેમજ ગૃહસ્થ ભાઇ બ્હેનોએ તેના ખર્ચ કારણ બાદિકીથી શોધી કાઢી તે મટાડવા બને તેટલો જાત પ્રયત્ન કરવો અને બીજા સહૃદય સાધુજનોને તેમજ ગૃહસ્થ જનોને તેમ કરવા સમજાવવા.

૩૨ સહુની સ્થિતિ સંયોગ્યે સરખા રહેતા નહીં હોવાથી જ્યારે કોઇને ઉચિત સહાયની જરૂર જણાય ત્યારે તે લગારે સંકોચ વગર પ્રસન્ન દિલથી નિઃસ્વાર્થ ભાવે તરત આપી તે સારા સ્થિતી સંપગિવાળાએ પોતાનું કર્તવ્ય બજાવવુંજ જોઇએ. એથી આપણા સમાજની સાર્થકતા લેવાય છે.

૩૩ દયાને નિઃસ્વાર્થ પ્રેમમાં વધારો કરવો અને નાશ વંત વસ્તુઓ ઉપરથી મનને ઉઠાવીલ છે આત્માના શાશ્વત ગુણો ઉપર મનને સ્થિર એકાગ્ર કરવું.

૩૪ જેમ અગ્નિ પ્રમુખનો ભય પ્રાપ્ત થવાથી સર્વ વસ્તુને તજી દઈ સારભૂત એક મહારત્ન ગ્રહણ કરી લેવામાં આવે છે, તેમ મરણ સમયે દ્વાદશાંગીને પણ તજી, નમસ્કાર મહામંત્રનું જ શરણ–સ્મરણ કરવામાં આવે છે તેથી તે દ્વાદશાંગીના સાર નિચોડ રૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૫ સમગ્ર દ્વાદશાંગી પરિણામ વિશુદ્ધિને અર્થે જ છે, એવી જ રીતે પરિણામ વિશુદ્ધિ કારણરૂપ હોવાથી નમસ્કાર મંત્ર તે દ્વાદશાંગીય અર્થ રૂપ કેમ ન કહેવાય? જાણવું કે પરિણામ વિશુદ્ધ રૂપ હોવાથી નમસ્કાર મંત્ર પણ દ્વાદશાંગીય સાર રૂપ જ છે.

૩૬ તથા પ્રકારના દેશ કાળમાં સમગ્ર દ્વાદશાંગી પ્રમુખનું અનુચિંતન ગમે તેવા સમર્થ ચિત્તવાળા સાધુ પણ કરી શકતા નથી, તેવે પ્રસંગે દ્વાદશાંગીના સારરૂપ નમસ્કાર મહામંત્રનુંજ સ્મરણ ચિંતવન કરવું યુકત છે.

૩૭ તેમ મહામંત્ર સર્વ મંગળમાં પ્રધાન મંગળ રૂપ છે, તેથી સર્વ ભય હળી જાય છે. તે સર્વ દુઃખને રહે છે સુખને કરે છે, યશ આપે છે, વધારે છે, સંસાર સાગરને શોષવી નાખે છે, જન્મ મરણનો અંતર લાવે છે વધારે શું વર્ણન કરીએ ? એ નમસ્કાર મંત્ર આ લોક સંબંધી અને પરલોક સંબંવી સુખનું મુળ છે.

૩૮ પરમેશ્વર નથી પૃથ્વીમાં, નથી જળમાં, નથી અગ્નિમાં, નથી વાયુમાં અને નથી આકાશમાં, પરંતુ તે પ્રકાશે છે, માણસના નિર્મળ ચારિત્રમાં જેમ જેમ ચારિત્રની શુદ્ધિ સધાપણે તેમ તેમ પરમ જ્યોતિ પરમાત્મા પ્રસન્ન થાય છે જીવન શોધનમાં માટે વિવેક દ્રષ્ટિ પુર્વક સદાચરણ સાધનમાં તત્પર રહેવું. એ જ ખરૂં ડહાપણ છે.

૩૯ નિન્દા કરનાર પ્રત્યે દુષ્ટ ન થવું, અને વખાણુ નાર તરફ ચગી ન થવું. એ બન્ને પ્રકારનાં વિકારો જ ચિત્તમાંથી કાઢી નાખી, માણસે પોતાના કર્તવ્ય સાધનમાં નિરત (તત્પર) રહેવું જોઇએ (આત્માર્થ જનોનું એ ઉચિત કર્તવ્ય છે.)

૪૦ તમામ દેહધારી જગતમાં મનુષ્ય જીવન જ શ્રેષ્ઠ જીવન છે, અને તે મળ્યું છે તે કર્તવ્ય સાધન માટે જ છે, તેમાં પ્રમાદ કરવો ઉચિત નથી.

૪૧ મનુષ્ય માત્ર સાથે સૌહાર્દ (પ્રેમ-મૈત્રી) પ્રાણી માત્ર પ્રત્યે દયાળુતા, અને સત્ય સંયમ અક્રોધ તથા સેવા એજ જીવની પ્રણાલી છે. જીવવાની પ્રણાલી છે. જીવવાની રીત છે

૪૨ આત્મા વાસ્તવમાં પરમાત્મા છે, પણ મોહના યોગે વિભાવ દશામાં રહેલો છે, દ્વિવેકનો પ્રકાશ થતાં મોહનું હનન કાર્ય સરળ થશે અને એજ રસ્તે તેનું (આત્માનું) ઉદ્ધરણ થઇ શકશે.

ક્રમશઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણ ભગવાન મહાવીર

લેખક :- વિજય ધર્મસૂરીશ્વરજી

અને પ્રકાશ તેમજ અંધકારના પલટાઓ વારંવાર આવ્યા બાદ કાયમી જ્ઞાન પ્રકાશનો પ્રવાહ કેવી રીતે પ્રાપ્ત થાય છે? તે માટે ભગવાન મહાવીર પ્રભુના નયસારથી નંદન-મુનિના ભવ સુધીના જીવન પ્રસંગો મુમુક્ષુ આત્માઓને ખૂબ મનનીય છે અને તે કારણે જ એ જીવન પ્રસંગોની ટુંકી નોંધ આ લખાણદ્વારા રજુ કરવામાં આવી છે.

## સ્વર્ગલોક અને તેનું સ્વરૂપ

નંદનમુનિ સંયમ ધર્મની સાધના કરવા પછી આયુષ્ય પૂર્ણ થયે દશમા સ્વર્ગ-લોકમાં ઉત્પન્ન થયા. સકામભાવે અથવા નિષ્કામભાવે જીવનમાં જે સુકૃત થાય તેના સુંદર ફળો ભોગવવાનું જે સ્થાન એનું નામ સ્વર્ગ છે માનવજીવનમાં ગમે તેટલી સુખ સાહ્યબી હોય પરંતુ અમુક પ્રકારના જન્મ, જરા, બિમારી વગેરે દુઃખો ઓછા વધુ પ્રમાણમાં માનવજીવન સાથે અવશ્ય સંકળાયેલા છે. જ્યારે સ્વર્ગમાં બાહ્ય દુખોનો સર્વથા અભાવ છે. સકામ ભાવે સુકૃત કરનાર સ્વર્ગમાં ગયા બાદ આસક્ત બને છે અને આત્માનુ અધઃપતન થાય છે નિષ્કામભાવે સુકૃત કરનાર આત્મા સ્વર્ગ ગયા બાદ અનેક પ્રકારના દિવ્ય સુખોના ભોગોપભોગમાં અનાસકત હોય છે, અને આત્માનું અધઃપતન થવાનો પ્રસંગ આવતો નથી. શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો આત્મા પણ સ્વર્ગલોકમાં અસંખ્ય પર્યંત અનાસક્ત ભાવે દિવ્ય સુખો ભોગવે છે એ સ્વર્ગલોકમા અન્ય સર્વ દેવોની અપેક્ષાએ ભગવંતના આત્માનું અંતરંગ તેમજ બાહ્યજીવન ગૃહસ્થયોગી જેવું અત્યંત ઉચ્ચકક્ષાનું હોય છે, નિરાસક્તભાવે સ્વર્ગીય સુખોનો ભોગવટો તેમજ આયુષ્ય પૂર્ણ થયા બાદ ભગવાનનો આત્મા હવે માનવ જગત ઉપર ભગવાન તરીકે અવતરે છે

## ભગવાન મહાવીરનું દેવાનંદાની કુક્ષિમાં અવતરણ અને ગર્ભપરિવર્તન

ભારત વર્ષના બિહાર પ્રદેશમાં બ્રાહ્મણકુંડ નામના નગર વિશેષમાં ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમાં અષાઢ સુદિ ૬ ની મધ્યરાત્રિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યો ત્યારે મહાવીર પ્રભુનો આત્મા પુત્ર તરીકે અવતરે છે દેવાનંદાની કુક્ષિમાં ૮૨ દિવસ સુધી રહે છે. સામાન્ય રીતે તીર્થંકર જેવા ઉચ્ચ આત્મા-ઓનો અવતાર ક્ષત્રિયાદિ વિશિષ્ટ કુલોમાં થવાનો સનાતન નિયમ છે. બ્રાહ્મણ કુલે બીજી રીતે ભલે ઉચ્ચ ગણતા હોય પણ કોઇ કોઈ બ્રહ્મણ કુલમાં ભિક્ષવૃત્તિની પ્રાયઃ પ્રધાનતા હોવાથી અવતારી મહાપુરૂષોનો એવા કુલમાં અવતાર થતો નથી, એમ છતાં ભગવાન મહાવીરનો આત્મા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો છે એ નિશ્ચિત બાબત છે. ૮૨ દિવસ બાદ ઇન્દ્રમહારાજના આદેશથી હરિણૈગમેષી દેવ પૃથ્વી ઉપર આવે છે.

ક્રમશઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિક્રમચરિત્ર અને ભર્તૃહરિ

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા

સંવત્ પ્રવર્તક વિક્રમાદિત્ય અંગે ૫૪ જૈન કૃતિઓ રચાઈ છે, એ પૈકી અહીં તો શુભ શીલ ગણિએ વિ. સં. ૧૪૯૦માં રચેલું વિક્રમ ચરિત્ર અભિપ્રેત છે. એમાં શરૂઆતમાં ભર્તૃહરિને અંગે કેટલીક બીનાઓ અપાઈ છે. એ પૂર્વેની કોઈ જૈન કૃતિમાં ભર્તૃહરિનો વૃત્તાન્ત હોય તો તે જણાવવા મારી સહૃદય સાક્ષરોને સાદર વિજ્ઞપ્તિ છે.

ભર્તૃહરિએ 'માલવ' દેશની અવન્તી નગરીના નૃપતિ ગન્ધર્વસેનના પુત્ર થાય છે. એમના નાના ભાઈનું નામ વિક્રમાદિત્ય છે. એમની માતાનું નામ અત્ર દર્શાવાયુ નથી. ગન્ધર્વસેને ભર્તૃહરિના લગ્ન ભીમ નામના રાજાની અનગસેના સાથે કરાયા હતા. એ ગન્ધર્વસેનના મૃત્યુ બાદ ભર્તૃહરિનો રાજ્યાભિષેક કરાયો હતો અને વિક્રમાદિત્યને 'યુવરાજ' પદ અપાયું હતું.

એક વેળા ભર્તૃહરિથી વિક્રમાદિત્યનું અપમાન થયું એથી વિક્રમાદિત્ય અન્યત્ર ચાલ્યા ગયા. એમણે અવ ધૂતનો વેષ સજ્યો હતો.

એક વેળા એક બ્રાહ્મણે ભર્તૃહરિની રાજસભામાં આવી એમને એક દિવ્ય ફળ આપ્યું. એ ફળ બ્રાહ્મણને ભુવનેશ્વરી દેવીએ આપ્યું હતું એ ખાવા ભર્તૃહરિ તૈયાર થયા. તેવામાં એમને વિચાર આવ્યો કે પટરાણી અનગસેના વિના લાંબુ જીવન જીવવાથી લાભ નથી એમ વિચારી એમણે એ ફળ અનગસેનાને આપ્યું. એ તો પ્રેમપાત્ર એક મહાવત હતો. તે દીર્ઘ કાળ ખર્મત જીવે તો પોતાને આનંદ થાય એટલે એણે એ ફળ મહાવતને આપ્યુ. એ મહાવત એક વેશ્યાને ચાહતો હતો તેને એણે આપ્યું વેશ્યાએ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ ભર્તૃહરિ વિશેષ જીવે તો પ્રજાને લાભ થાય એમ વિચારી ભર્તૃહરિને એ આપ્યું. આ ફળ અનગસેનાએ મહાવતને આપ્યા વગેરે વાત જાણી તેમને સંસાર ઉપરથી મન ઊઠી ગયું અને રાજ્ય છોડવા તેઓ તૈયાર થયા. મંત્રીઓએ ઘણું સમજાવ્યા છતાં તે ઓ જંગલમાં ચાલ્યા ગયા.

રાજગાદી ખાલી જોઈ અગ્નિ વેતાલ નામનો અસુર અદશ્ય રૂપે રાજગાદી ઉપર બેસી ગયો. મંત્રીઓ એ શ્રીપતિને રાજ્ય સોંપ્યું પણ એને અગ્નિ વેતાલે મારી નાંખ્યો આ ત્યાર બાદ અવધુત વેષ ધારી વિક્રમાદિત્યને રાજા બનાવાઓ ફરતાં ફરતાં પશુપંખીની બોલી જાણનાર કે જેની સાથે વિક્રમાદિત્યને મૈત્રી થઇ હતી તેને લોકોએ કહી દીધું કે એ અવધુતનો વિક્રમાદિત્ય છે. આથી એનો રાજ્યાભિષેક કરાયો, રાજા બન્યા બાદ વિક્રમાદિત્યે ભર્તૃહરિની તપાસ કરાવી તેમને અવંતી આવવા વિનવ્યા અને તેઓ આવ્યા.

( ક્રમશઃ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેવ અરિહંત

લેખક : મણીલાલ મો. ધામી

જૈન સમાજમાં નમોકાર મંત્ર એક અનુખુ સ્થાન ધરાવે છે ને જૈન માત્રને હૈયેને મોઢે હોય છે તેનો અર્થ તથા સ્વરૂપ જાણ્યા વિના મંત્ર બોલી જવાથી યોગ્ય લાભ થતો નથી તેથી તેનું સ્વરૂપ પહેલા પરમેષ્ઠીનું એટલે કે અરિહંતનું ગુણનું વર્તાંત આપ્યુ હવે વિષેશ રૂપે ૪થું ગુણ સહીત ૧૮ દોષ રહીત અરિહંત ભગવાન કેવળ જ્ઞાન પ્રાપ્ત થયા પછી થાય છે, તે જાણ્યુ. મહાવીર ભગવાને ત્રીશ વર્ષે દીક્ષા ગ્રહણ કરી ઘોર તપનું ૧૨ વર્ષ આરાધન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેથી તે અરિહંત પરમેષ્ટી થયા અરિહંત ભગવાનનું આટલુ બધુ મહાત્મ કેમ ? તેનું કારણ:- કેટ કેટલા ભવો પછી શ્રાવક ધર્મ જૈન ધર્મ મનુષ્ય ભવમાં મળે છે તેમાં ત્યાગ તપની ઘોર આરાધના કરી ઉચ્ચ સ્વર્ગમાં એટલે અહર્નીંદ્ર જેવા દેવ થાય છે ત્યાંથી ચ્યવીને ક્ષત્રી કુટુંબમાં ક્ષત્રાણીની કુખે આવે છે ત્યારે દેવો ગર્ભ કલ્યાણક ઉજવવા તેઓ મનુષ્ય લોકમાં આવે છે ૫૬ કુમારીકાઓ માતાની સેવા કરે છે. પછી જન્મ થતા ફરી પાછા દેવા જન્મ કલ્યાણક ઉજવવા આવે છે તેમાં પાડુંકશીલા ઉપર લઈ જઇ ૧૦૦૮ કળશોથી નવણ-અભિષેક કરે છે. ભકિત કરે છે આદિ કર્યો કરે છે પછીં દીક્ષા લે છે ત્યારે પણ દેવો દિક્ષા કલ્યાણ ઉજવવા આવે છે ત્યાર પછી કેવળ જ્ઞાન થયા પછી કેવળ જ્ઞાન કલ્યાણ ઉજવવા ફરી પાછા દેવતો આવે છે આવા તીર્થંકર કેવળી ભગવાન અરિહંત પરમેષ્ઠી કહેવાય છે. આ વખતે દેવ ઇન્દ્રની આજ્ઞાથી કુબેર દેવ સમોસરણની રચના અરિહત ભગવાન માટે કરે છે તેમાં બાર કોઠા રચે છે તેમાં ઈન્દ્રાણીઓ અરિહંત ભગવાનની વાણી દીવ્ય દીવ્યની સાંભળવા આવે છે. પહેલા કોઠામાં ગણધરો બેસે છે બીજામાં કલ્પવાસી દેવો બેસે છે. ત્રીજામાં કલ્પવાસી દેવીઓ ચોથામાં જોષીશી દેવીઓ પાંચમામાં વ્યંનર દેવીઓ છઠ્ઠામાં ભવનવાસી દેવો સાતમામાં વ્યંતર દેવો આઠમામાં દેવી વ્યંતરની નવમામાં પાંચ જોતીષી દેવો દશમામાં બધા દેવો દેવી આ બાકીના બેસે છે અગીયારમામાં નરવૃન્દ એટલે મનુષ્યો તેઓ શ્રાવક શ્રાવીકા આવી જાય છે રાજા મહારાજા પણ આમાં બેસે છે અને બારમાં કોઠામાં પશુ પક્ષી બધા જેવા કે સીંહ, બકરી, ગાય નોળીયો આદી વિરોધી જમાતના પશુ પંખી વેરતજીને શાન્તીથી અરિહંત ભગવાન વાણી દેશના દિવ્ય દવજા સાંભળે છે સમોશરણમાં કોઇને શંકા કે વીરોધ ભગવાનની વાણીનો થતો નથી. આવું સમોશરણમાં અરિહંત ભગવાન સીંહાસનમાં ચાર આગળ અદ્ધર બીરાજમાન હોય છે અને ચારે બાજુ અરિહત ભગવાનનું મુખ દેખાય છે આવો મહીમા છે આવા અરિહંત ભગવાનનું નામ નમોકાર મંત્રમાં પહેલું બોલીયે છીએ. અરિહંત ભગવાનની વાણી દરેક જણની ભાષામાં દરેકને સમજાય છે તેવો અરિહંત ભગવાનની વાણીનો ચમત્કાર હોય છે. (અતિશય હોય છે) અરિહંત ભગવાન થયા પછી મહાવીર સ્વામીની દિવ્ય દવની (દેશના)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરી ન હતી કારણ દેશના બહુ જ્ઞાની માણસ ઝીલી શકે તેમ હતું તેથી ૫૬ દિવસ સુધી અરિહંત થયા પછી દેશના આપી શકાણી ન હતી પરંતુ ૫૬માં દિવસે ગૌતમ સ્વામી એ ઝીલી હતી ગૌતમ સ્વામી પહેલા ઈન્દ્ર ભૂતી બ્રાહ્મણ પંડીત ૫૦૦ શીષ્યોના ગુરૂ મહા પંડિત હતા. બહુજ જ્ઞાની હતા ભગવાન અરિહંતના સમોશરણમાં આવતાં જ્ઞાનીનો મદગળી ગયો, ને અરિહંત ભગવાન પાસે જૈન ધર્મી થઈ જૈન સાધુ થઈ ગયા. ને તુરત જાતી પર્યંત જ્ઞાન થયું અને મુખ્ય ગણધર થયા તે ગૌતમ ગણધર નામે ઓળખાયાને તેમણે જૈન ધર્મોના શાસ્ત્રો રચના તેમણે અરિહંતની વાણી જે ફકત ૐ રૂપે મસ્તકમાંથી દેશના નીકળે છે. તે ગણધર અર્ધ માગધી ભાષામાં જૈન ધર્મના શાસ્ત્રો રચે છે તેના અનુનાયી આપણે જૈન નમોકાર મંત્રમાં પહેલું અરિહંત બોલીએ છીએ. હવે કોઇ શંકા કરે કે નમોકાર મત્રમાં સિદ્ધનું નામ પહેલાં કેમ નહિ ? તો તેનું નીરાકરણ-કારણ એ છે કે અરિહંત ભગવાનની દેશનાથી આપણને જૈન ધર્મનું જ્ઞાન થયું. અને તેનાથી મોક્ષ માર્ગ શું તે જાણી તે પ્રમાણે આપણે જળ તપ આરાધના કરી મોક્ષ જઈ શકીએ છીએ એ ઉપકાર આપણી ઉપર છે અને તેનાથી આપણું ભલુ થાય છે આપણા ઉદ્ધારક અરિહંત છે. અને સિદ્ધ થયા પછી તેમને કાંઈ કરવા પણ રહેતું નથી તેના ઉપદેશનો આપણને લાભ મળતો નથી. તેથી અરિહંત પદ પહેલું નમોકારમાં મંત્રમાં આવે છે. આવું અરિહંત ભગવાન કે પરમેષ્ઠીનું નામ લેવાથી કેટલુ બધુ પુન્ય થાય છે તો પછી પાંચે પરમેષ્ઠીનું સ્વરૂપ જાણીને નમોકાર મંત્ર બોલવામાં આવે તો કેટલું પુણ્ય થાય તેનો ખ્યાલ આપ કરો.

અરિહંત પદ પ્રાપ્ત થતાં ત્રણલોકનું જ્ઞાન તેમનામાં ઝળકે છે. અને આત્મજ્ઞાન આત્મા વિષેનું દ્રવ્યગુણ પર્યાય વિષેનું શુક્ષ્મજ્ઞાન પણ થઇ જાય છે. એટલે સર્વજ્ઞ પ્રભુ થઈ ગયા પુર્ણ જ્ઞાની થયા અરિહંત પદ પ્રાપ્ત થયા વિનાના બધા મનુષ્ય પુર્ણ જ્ઞાની કહેવાતા નથી માટે અરિહંત પદ પ્રાપ્તી માટે જૈન ધર્મના બધા પુસ્તકોનો સ્વાધ્યાય કરવો જૈન ધર્મનું ઉંડુ જ્ઞાન પ્રાપ્ત થવાથી તપ આરાધના કરી અરિહંત પદ પ્રાપ્ત કરવાનો સો કોઇ ઈચ્છુક બને તેવી ભાવના સાથે અરિહંત દેવનું લખાણ પુરૂ કરૂ છુ. હવે બીજા પરમેષ્ટી સીધ્ધ ભગવાનનું વર્ણન આવતા લેખમાં આપીશ

આ બે લેખમાં અરિહંત ભગવાન વિષે ટુંકમાં જ વર્ણન આપ્યુ છે વીસ્તારથી આપુ તો એક પુસ્તક રૂપે જ થઇ જાય આવી રીતે નમોકાર મંત્રનું સ્વરૂપ આવતા મારા લેખો દ્વારા આપીશ તે વાંચી જાણી પછી નમોકાર મંત્ર ભાવથી ભજશો તો તેનુ ફળ અતિ ઉત્તમ મળશે. લેખ આ સમાપ્ત કરૂ છુ.

લે. મણીલાલ મો. ધામી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મા અને કર્મ

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

આત્મા પણ અનાદિના અને કર્મ પણ અનાદિના તેથી ઘણી વ્યકિતઓને એવી શંકા ઉદ્દભવે છે કે આ બન્નેમાંથી પહેલું કોણ? તેના પ્રતિઉત્તરમાં શાસ્ત્રોમાં અંકિત કરવામાં આવ્યું છે કે કુકડી પહેલી કે ઇંડું પહેલું? જેમ કે કુકડી વગર ઈંડું ન હોય અને ઇંડા વગર કુકડી ન હોય. તેવી જ રીતે બીજો દાખલો આપતા શાસ્ત્રકારો જણાવે છે કે દુધ અને ઘી એકી સાથે જ હોય છે, તેમાં દુધ પહેલું કે ઘી પહેલું એ શંકાને સ્થાન જ નથી બન્ને સાથે જ છે. છતાં પ્રક્રિયા દ્વારા દૂધ અને ગી અલગ થઈ શકે છે આજ પ્રમાણે આત્મા પહેલો છે કે કર્મો પહેલાં છે તેમ કહી શકાતું નથી. પરંતુ આત્માની સાથે જ કર્મો છે અને અનાદિ કાળથી આત્મા કર્મની સાથે તથા કર્મ આત્માની સાથે છે એમ કહેવાય છે. છતાં પણ જે પ્રમાણે પ્રક્રિયા દ્વારા દુધ અને ઘી ને અલગ પાડી શકાય છે તે પ્રમાણે પુરૂષાર્થ દ્વારા આત્માને અને કર્મને પૃથક કરી શકાય છે. સોનું અને માટીની ઉત્પત્તિ સાથે જ હોય છે. છતાં પ્રયત્ન દ્વારા સુવર્ણ અને માટી જુદા પાડી શકાય છે, અરણીના કાષ્ટની સાથે જ આગની ઉત્પત્તિ થાય છે છતાં તે કર્મને લાકડાને ઘસીને તેમાંથી આગને બહાર કાઢવામાં આવે છે, આ પ્રમાણે આત્માને અને પુરૂષાર્થ દ્વારા અલગ પાડી શકાય છે કારણ કે બન્ને અલગ છે.

જીવ અને કર્મનો સંબંધ પ્રવાહ રૂપે તો અનાદિ છે અને એક રૂપે અનાદિ નથી, કર્મ જડ છે જ્યારે આત્મા ચૈતન્ય-મૂર્તિ છે, બન્ને ભિન્ન છે. (જુદા છે) જેમ કે આપણે ગંગાનદીના કિનારે ઉભા રહી પહેલાં જે જળધારા જોઇ હતી તેવી જ જળ ધારા બીજે દિવસે પણ જણાશે. પરંતુ વાસ્તવિક રીતે પહેલા દિવસે જે જળ ધારા નિરખવામાં આવી હતી, તે તો ચાલી ગઈ હતી, પાણીની ધારા ચાલુજ રહે છે તેથી જળધારાનો સંબંધ તૂટેલો જણાતો નથી પરંતુ આપણને એમ જણાય છે કે, આ તે જ જળધારા છે. ખરેખરતો આજે જે જલધારા જોવામાં આવે છે તે બીજી જ છે આ પ્રમાણે આત્માની સાથે જે કર્મો પહેલાં લાગેલા તે કર્મો તો ભોગવાઇ ગયાં હોય પરંતુ કર્મની ધારા ચાલુ હોવાથી એમ કહેવામાં આવે છે કે, આત્મા અને કર્મનો સંબંધ અનાદિ છે. શાસ્ત્રોમાં એ અંકિત કરવામાં આવ્યું છે કે "કર્મ આદિ પણ છે અને તેનો અંત પણ છે." પરંતુ જીવની સાથે કર્મો એક બાદ એક ઉપરા ઉપરી આવતાં જાય છે એજ કારણે કર્મ અને આત્માનો સંબંધ અનાદિ કહેવામાં આવ્યો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જ્યારે કર્મોનો પ્રવાહ ચાલુજ રહે છે તો પછી આત્મા કર્મ વિહીન કઈ રીતે બની શકે ? આનો પ્રતિઉત્તર શાસ્ત્રકારોએ આપ્યો છે કે, કર્મ પ્રવાહને રોકી દેવાથી આત્મા કર્મ રહિત થઈ જાય છે. જે પ્રમાણે નદીમાં ઉપરવાસથી આવતા પાણીને રોકી દેવામાં આવે તો ધારા તૂટી જાય છે, તે પ્રમાણે કર્મ પ્રવાહને અટકાવી દેવાથી અને નવાં કર્મો ઉપાર્જન ન કરવાથી કર્મ વિહીન બની શકાય છે.

શાસ્ત્રોમાં આલેખવામાં આવ્યું છે કે કર્મ દુઃખ રૂપ છે શ્રી ભગવતી સૂત્રમાં ગૌતમ ગણ ધરે, ભગવાન મહાવીરને પૂછયું કે, દુઃખી આત્મા દુઃખને સ્પર્શે કે અદુઃખી જીવ દુઃખને સ્પર્શે છે? આ પ્રશ્નના પ્રતિઉત્તરમાં ભગવંતે કહ્યું કે દુઃખી જીવ જ દુઃખને સ્પર્શે છે પરંતુ દુઃખ રહિત આત્મા દુઃખને સ્પર્શતો નથી. અહીં દુઃખનો અર્થ કર્મ કરેલ છે એટલે કે જેનામાં કર્મ છે તેજ કર્મને બાંધે છે. પછી ભલે તે કર્મ શુભ હોય કે અશુભ હોય ! શુભ કે અશુભ બન્ને કર્મો આત્માને આવરનારા છે. તેથી તે દુઃખ રૂપ જ છે. માટે તેનાથી અલિપ્ત થવાનો પુરૂષાર્થ આચરવો અત્યંત આવશ્યક છે અને તે ત્યારે જ બને કે જ્યારે આત્માને આત્માથી ઓળખી તેની અનુભૂતિ કરી સમ્યક્ દર્શનો આવિષ્કાર કરી અને તે સાધનામાં આગળ વધતા સ્વસ્વરૂપમાં મગ્ન રહેતા જુના કર્મો ખરી જાય છે અને નવા કર્મો બંધાતા નથી જેથી નિર્જરા થાય છે અને છેવટે પૂર્ણતા એ પહોંચાય છે.

## પ્રજ્ઞા ચક્ષુ

## પંડીત સુખલાલજીનું થયેલુ અવસાન

જૈન સમાજના પ્રકાંડ પંડીત અને મહાન દાર્શનીક પંડીત સુખલાલજીનો તારીખ ૨-૩-૭૮ના રોજ અમદાવાદમાં વાડીલાલ સારાભાઈ હોસ્પીતાલ ખાતે દેહાંત થયાના સમાચાર જાણી ખુબ દુઃખ થાય છે નાની વયમાં આંખો ગુમાવવા છતાં તેથી નાસીપાસ કે ના હિંમત ન થતા અભ્યાસ આબળને આગળ વધાર્યો અને ગણનાપાત્ર પંડીતોમાં પોતાનું સ્થાન જમાવ્યું અને તેમની વિલક્ષણ સિધ્ધી હતી. તેઓ આપણી સભાના આજીવન સભ્ય હતા શાસનદેવ તેમના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No Reg. B.V.-37

# શુદ્ધ આત્મ સ્વરૂપ

હું આત્મા શાશ્વત અને, દર્શન જ્ઞાન સહિત છું,
આ પુદ્દગળોથી પર હું, પરમાતમા સ્વરૂપ છું.—૧

ચેતન સ્વરૂપ અરુપી હું, જ્ઞાનાદિ મુજ સ્વભાવ છે,
અમૂર્તને પવિત્ર છું. ને સ્થિર મારો સ્વભાવ છે.—૨

અચલિતને નિર્મળ હું, જ્ઞાનાદિ મારૂં સ્વરૂપ છે;
જ્ઞાનાપંદી બુદ્ધ છું હું, નિર્વિકલ્પ સ્વરૂપ છે—૩

હું રાગ દ્વેષ રહિત ને, અનંત જ્ઞાન સહિત છું,
અવિનાસીને હું શુદ્ધ છું, સર્વ વિભાવથી રહિત છું—૪

અજર છું ને અમર છું, અનાદિ ને અનંત છું;
અચળ ને અક્ષય છું, અકળ ને અમલ છું—૫

અગમ્ય છું અનામી છું, અકર્મી ને અબંધ છું;
અયોગી ને અનુદયિ, અભોગીને અરાગી છું.—૬

અવેદી છું અભેદ્ય છું. અખેદી ને અછેદ્ય છું;
છ લેશ્યાથી રહિત ને, સ્વ પરાક્રમે સહિત છું—૭

ચિદાનંદ પૂર્ણ બ્રહ્મા, જ્ઞાનાનંદમાં મગ્ન છું,
અવ્યાબાધ સુખનો, સ્વામી ખરેખર હું જ છું.—૮

અભાષીને અણાહારી છું, આકારથી રહિત છું;
અનિન્દ્રિય અ પ્રાણી છું, ને પૂર્ણ આત્મારામી છું—૯

સ્વરૂપ વ્યાપી અસ્તિ રૂપે, પારિણામિક ભાવમાં;
અકંપ ને આશ્રપ રહિત, નિર્લેપ નિર્ભય ધ્યાનમાં;—૧૦

અલખ ને અશોક છું, અલૌકિક હું આત્મા;
લોકા લોક પ્રકાશક હું, અકલંક પરમાતમા.—૧૧

એવું સ્વરૂપ મારૂં સદા, શાશ્વત જયવંતુ રહે;
આનંદ પ્રેમને શાંતિમાં; 'અમર' સિદ્ધપદ ગ્રહે,—૧૨

લેખક: અમરચંદ માવજી શાહ

પ્રકાશક : જયંતીલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ખારગેઈટ, ભાવનગર ફોન ; ૪૬૪૦

For Private And Personal Use Only